॥ श्रीजिनाय नमः ॥

श्रीसोमप्रभसूरिप्रणीतं

# श्रीसिंदूरप्रकरणम्

मूलार्थसहितं.

—:०:—

प्रकाशकः—जामनगरवास्तव्यपंडित 'हीरालाल हंसराज' इत्यस्य 'श्री जैनभास्करोदय प्रेस'
इति मुद्रणालये मेनेजर बालचंद्र हीरालाल इत्येतेन मुद्रितम्

विक्रमसंवत् १९९४ पण्यम् १-०-० सने १९३८

# सिंदूरप्रकर छन्दोबद्ध गूर्जरभाषानुवादः-

सिंदूरप्रकरस्तपःकरिशिरःक्रोडे कषायाऽटवी, दावार्चिर्निचयः प्रबोधदिवसप्रारंभसूर्योदयः ।
मुक्तिस्त्रीकुचकुंभकुंकुमरसः श्रेयस्तरोः पल्लव प्रोल्लासः क्रमयोर्नखद्युतिभरः पार्श्वप्रभोः पातु वः ॥ १ ॥

तपरूपी हस्तीना कुम्भस्थलने विषे सिंदूरना समूह समान, कषायरूपी अटवीने बाळी नांखवाने अग्निना समूह समान, ज्ञानरूपी दिवसने उगाडवामां सूर्यना उदय समान, मूक्तिरूप स्त्रीना कुचकुम्भ [ स्तनरूप घडा ] ने वीषे-अथवा-मुक्तिस्त्रीवदनैककुम्कुमरसः- एवो पण पाठ छे; तेथी मुक्तिरूपस्त्रीना मुखकमलने विषे कुंकुमना लेप समान, अने कल्याणरूपी वृक्षना नवपल्लवनुं उत्पत्तिस्थान एवो श्री पार्श्वनाथ प्रभुना चरणना नखनो कांतिसमूह तमारुं रक्षण करो. ॥ १ ॥

संतः संतु मयि प्रसन्नमनसो वाचां विचारोद्यताः सूतेऽम्भः कमलानि तत्परिमलं वाता वितन्वंति यत् ।
किंवाभ्यर्थनयानया यदि गुणोऽस्त्यासां ततस्ते स्वयं, कर्त्तारः प्रथनं न चेदथ यशःप्रत्यर्थिना तेन किम्?

कवीओनी वाणीना सारा नरता विचारने विषे सावधान एवा संत पुरुषो म्हारा उपर प्रसन्नचित्तवाळा थाओ कारण के जळ तो कमलोने उत्पन्न करे छे, परंतु तेमनी सुगंधनो विस्तार करनार तो पवनज होय छे. अथवा म्हारे ते ( सज्जनोने ) आवी प्रार्थना करवानी शी जरुर छे! एटले कंइ जरुर नथी कारण के जो आ ( म्हारी वाणी ) मां गुण हशे, तो ते ( सज्जनो ) पोतेज विस्तारने

करशे; नहि तो यशना वैरी समान एवा ए विस्तारे करीने शुं? अर्थात् कांइ नहीं. ॥ २ ॥

त्रिवर्गसंसाधनमंतरेण,पशोरिवायुर्विफलं नरस्य। तत्राऽपि धर्म्मं प्रवरं वदंति,न तं विना यद्भवतोऽर्थ कामौ॥

धर्म, अर्थ अने कामरूप त्रण वर्गना साधन विना मनुष्यनुं आयुष्य पशुना आयुष्यनी माफक निष्फळ छे, ते त्रणने विषे पण प्रभु धर्मने श्रेष्ठ कहे छे; कारण के, ते (धर्म) विना अर्थ अने काम मेळवी शकातां नथी. ॥ ३ ॥

यः प्राप्य दुष्प्राप्यमिदं नरत्वं, धर्मं न यत्नेन करोति मूढः।
क्लेशप्रबंधेन स लब्धमब्धौ, चिंतामणिं पातयति प्रमादात् ॥ ४ ॥

दुःखे प्राप्त थइ शके तेवुं मनुष्यपणुं पामीने जे मूढ पुरुष उद्यमथी धर्म करतो नथी, ते घणी महेनते प्राप्त करेला चिंतामणीने आळसथी समुद्रने विषे नांखी दे छे. हवे मनुष्यभवने फोगट गुमावनार जीव केवो होय ते कहे छे. ॥ ४ ॥

स्वर्णस्थाले क्षिपति स रजः पादशौचं विधत्ते, पीयूषेण प्रवरकरिणं वाहयत्यैंधभारम्।
चिंतारत्नं विकिरति कराद्वायसोड्डायनार्थं, यो दुष्प्रापं गमयति मुधा मर्त्यजन्म प्रमत्तः ॥ ५ ॥

जे माणस दुःखे पामवा योग्य एवा आ मनुष्यभवने प्रमादने वश थइ फोगट गुमावे छे. ते माणस सोनाना थाळने विषे रज नांखे छे. अमृतथी पग धूए छे, श्रेष्ठ हाथीनी पासे लाकडांनो भार उपडावे छे, अने कागडाने उडाडी मूकवा माटे हाथमांथी चिंतामणि रत्नने फेंकी दे छे. ॥ ५ ॥

ते धत्तूरतरुं वपंति भवने प्रोन्मूल्य कल्पद्रुमं, चिंतारत्नमपास्य काचशकलं स्वीकुर्वते ते जडाः ।
विक्रीयः द्विरदं गिरींद्रसदृशं क्रीणंति ते रासभं, ये लब्धं परिहृत्य धर्म्ममधमा धावंति भोगाशया ॥ ६ ॥

जे मूर्ख पुरुषो प्राप्त थएला धर्मनो त्याग करीने भोगनी इच्छाथी दोडधाम करे छे, अर्थात् विषयोमां प्रवर्त्ते छे, ते मूर्ख पुरुषो पोताना घरने विषे उत्पन्न थएला कल्पवृक्षने उखेडी नांखीने धंतूगना वृक्षने वावे छे; ते जडबुद्धिवाळा पुरुषो चिंतामणि रत्नने फेंकी दइने काचनो कडको ग्रहण करे छे, अने मेरु पर्वत समान उंचा हस्तीने बेची दइने गधेडाने खरीद करे छे. ॥ ६ ॥

अपारे संसारे कथमपि समासाद्य नृभवं, न धर्मं यः कुर्याद्विषयसुखतृष्णातरलितः ।
बुडन् पारावारे प्रवरमपहाय प्रवहणं, स मुख्या मूर्खाणामुपलमुपलब्धुं प्रयतते ॥ ७ ॥

जे माणस आ अनंत संसारने विषे महाकष्टे मनुष्यभव पामीने विषयसुखनी तृष्णाथी व्याकूल थइ, धर्म करतो नथी, ते मूर्ख शिरोमणि समुद्रने विषे बूडतो छतो उत्तम वहाणने तजी दइ पत्थरने ग्रहण करवानो प्रयत्न करे छे. ॥ ७ ॥

भक्तिं तीर्थकरे गुरौ जिनमते संघे च हिंसाऽनृतस्तेयाब्रह्मपरिग्रहाद्युपरमं क्रोधाद्यरीणां जयम् ।
सौजन्यं गुणिसंगमिंद्रियदमं दानं तपो भावनां, वैराग्यं च कुरुष्व निर्वृतिपदे यद्यस्ति गंतुं मनः ॥ ८ ॥

हे भव्यजनो! जो तमारी मोक्षपद पामवानी इच्छा होय तो श्री तीर्थंकर महाराजा, गुरु, जिनशासन अने संघ ए चारेनी तमे भक्ति करो; हिंसा, असत्य, चोरी, मैथुन अने परिग्रह ए पांचनो त्याग करो; वळी क्रोध, मान, माया अने लोभ–ए चार

शत्रुओने जीतो. (सर्वजीवने) विषे मैत्रीभाव करो, तथा गुणवान जनोनी सोबत, पांचे इंद्रिओनुं दमवुं. दान, तपश्चर्या, शुभभाव अने संसारथकी विरक्तभाव (वैराग्य) एटलां वानां करो. ॥ ८ ॥



**पापं लुंपति दुर्गतिं दलयति व्यापादयत्यापदं, पुण्यं संचिनुते श्रियं वितनुते पुष्णाति नीरोगताम् ।**
**सौभाग्यं विदधाति पल्लवयति प्रीतिं प्रसूते यशः, स्वर्गं यच्छति निर्वृतिं च रचयत्यर्चार्हतां निर्मिता ॥९॥**

अरिहंतनी करेली भावपूजा पापने दूर करे छे. दुर्गतिनुं निवारण करे छे आपत्तिनो विनाश करे छे, पुण्यने वधारे छे. लक्ष्मीनो विस्तार करे छे. आरोग्यतानुं पोषण करे छे सर्वजनोने विषे प्रशंसा पमाडे छे. प्रीति उत्पन्न करे छे. अने यशने वधारे छे, तेमज देवतानी पदवी आपे छे. अने परंपराए मोक्षपद पण आपे छे. ॥ ९ ॥

**स्वर्गस्तस्य गृहांगणं सहचरी साम्राज्यलक्ष्मीः शुभा, सौभाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेश्मनिः ।**
**संसारः सुतरः शिवं करतलक्रोडे लुठत्यंजसा, यः श्रद्धाभरभाजनं जिनपतेः पूजां विधत्ते जनः ॥ १० ॥**

जे माणस अत्यंत श्रद्धा सहित श्री वीतरागनी भावपूजा करे छे, तेने देवलोक घरना आंगणानी पेठे ढुकडुं मनोहर राजऋद्धि तेनी साथे रहेनारी छे तेना शरीररूप घरने विषे सौभाग्यादि गुणोनी श्रेणी पोतानी इच्छाए विलास करे छे, तेने संसार-सुखेथी तरी शकाय एवो थाय छे, अने मोक्ष तो झट तेना हाथ तळे आवीने आळोटे छे. ॥ १० ॥

**कदाचिन्नातंकः कुपित इव पश्यत्यभिमुखं, विदूरे दारिद्र्यं चकितमिव नस्यत्यनुदिनम् ।**

विरक्ता कांतेव त्यजति कुगतिः संगमुदयो, न मुंचत्यभ्यर्णं सुहृदिव जिनार्चां रचयतः ॥ ११ ॥

जिनेश्वर भगवाननी भावपूजा करनारा जनोने भय तो कोप पाम्यो होय तेम क्यारे पण सामुं जोतो नथी. दारिद्र्य तो भयभ्रांत थयुं होय तेम निरंतर दूर नासे छे. कुमति तो विरक्त थएली स्त्रीनी पेठे संगत तजी दे छे, अने अभ्युदय मित्रनी पेठे समीपपणाने मूकतो नथी. अर्थात् तेनी पासेज रहे छे. ॥ ११ ॥

यः पुष्पैर्जिनमर्च्चति स्मितसुरस्त्रीलोचनैः सोऽर्च्यते, यस्तं वंदत एकशस्त्रिजगता सोऽहर्निशं वंद्यते ।
यस्तं स्तौति परत्र वृत्रदमनस्तोमेन स स्तूयते, यस्तं ध्यायतिक्लृप्तकर्म्मनिधनः स ध्यायते योगिभिः ।१२।

जे पुरुष पुष्पोवडे श्री वीतराग भगवाननी पूजा करे छे. ते देवांगनाओनां विकस्वर थएलां नेत्रोथी पूजाय छे; जे वीतराग भगवानने एकवार पण वंदन करे छे, ते रात्री दिवस त्रणे जगत्ना जनोथी वंदन पामे छे. जे तेमनी स्तुति करे छे ते परलोकने विषे इंद्रोना समूहथी स्तुति पामे छे; अने जे तेमनुं ध्यान धरे छे ते आठ कर्मनो क्षय करीने अर्थात् सिद्ध अवस्था पामीने योगी पुरुषोथी ध्यान कराय छे, अर्थात् योगी पुरुषो तें पुरुषनुं ध्यान करे छे. ॥ १२ ॥

अवद्यमुक्ते पथि यः प्रवर्त्तते, प्रवर्त्तयत्यन्यजनं च निःस्पृहः ।
स एव सेव्यः स्वहितैषिणा गुरुः, स्वयं तरंस्तारयितुं क्षमः परम् ॥ १३ ॥

जे गुरु पोते पापरहित मार्गने विषे प्रवर्ते छे अने बीजा माणसने पण प्रवर्तावे छे. पोते जाते निःस्पृह छे, पोते तरे छे अने

बीजा माणसने पण तारवाने समर्थ छे; तेज गुरुनी हितवांछक पुरुषोए सेवा करवी योग्य छे. ॥ १३ ॥

विद्लयति कुबोधं बोधयत्यागमार्थं, सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति ।
अवगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो, भवजलनिधिपोतस्तं विना नाऽस्ति कश्चित् ॥ १४ ॥

जे गुरु मिथ्यात्वनो नाश करे छे, सिद्धांतोना अर्थने जणावे छे, 'पुण्य ए सुगतिनो मार्ग छे अने पाप ए कुगतिनो मार्ग छे,' एम प्रगट करे छे, अने वळी जे करवा योग्य अने नही करवा योग्य कार्यनो विवेक समजावे छे; ते गुरु विना बीजा कोई भवसागरने विषे वहाणनी पेठे तारनार नथी ॥ १४ ॥

पिता माता भ्राता प्रियसहचरी सूनुनिवहः, सुहृत्स्वामी माद्यत्करिभटरथाश्वः परिकरः ।
निमज्जंतं जंतुं नरककुहरे रक्षितुमलं, गुरोर्धर्माऽधर्म्मप्रकटनपरात्कोऽपि न परः ॥ १५ ॥

नरकरुपखाणने विषे पडता जीवोने पुण्य अने पाप कही देखाडनारा गुरु विना बीजा कोई पिता, माता, भाई, प्रिय स्त्री, पुत्रनो समूह, मित्र, मदोन्मत्तहाथी, सुभट, अश्व, रथवाळो स्वामी के सेवकादि वर्ग रक्षण करवाने समर्थ नथी ॥ १५ ॥

किं ध्यानेन भवत्वशेषविषयत्यागैस्तपोभिः कृतं, पूर्णं भावनयाऽलमिंद्रियदमैः पर्याप्तमाप्तागमैः ।
किं त्वेकं भवनाशनं कुरु गुरुप्रीत्या गुरोः शासनं सर्व्वे येन विना विनाथबलवत् स्वार्थाय नाऽलं गुणाः

ध्यान करवाथी शुं? सर्व विषयनो त्याग करवाथी पण शुं ? तपश्चर्या करवाथी पण शुं ? शुभ भावे करीने पण शुं ? इन्द्रिओना दमवाथी पण शुं ? तथा सिद्धान्तना अभ्यासथी पण शुं ? माटे अधिक प्रीतिवडे संसारनाभ्रमणने नाशकरनारां एवां गुरुनां फक्त शिक्षा वचनो अंगीकार कर के जेना विना अधिपति विनानी सेनानी पेठे सर्वे पोतपोतानां फल आपवा माटे समर्थ नथी अर्थात् निष्फलछे.

न देवं नादेवं न शुभगुरुमेवं न कुगुरुं, न धर्म्मं नाऽधर्म्मं न गुणपरिणद्धं न विगुणम् ।
न कृत्यं नाऽकृत्यं न हितमहितं नापि निपुणं, विलोकंते लोका जिनवचनचक्षुर्विरहिताः ॥ १७ ॥

जैनशास्त्ररुप चक्षुथी रहित एवा लोको नथी देवने जाणता के नथी कुदेवने जाणता. नथी सुगुरुने ओळखता के नथी कुगुरुने ओळखता नथी जाणता धर्म अधर्मने के नथी जाणता गुणी निर्गुणीने. वळी करवा योग्य कार्य शुं छे ? अने नहि करवा योग्य शुं छे ? ते पण नथी जाणता. वळी पोताने शुं सुखनुं कारण छे ? अने शुं दुःखनुं कारण छे ? ते पण तेओ सारी रीते जाणता नथी.

मानुष्यं विफलं वदंति हृदयं व्यर्थं वृथा श्रोत्रयो–र्निर्माणं गुणदोषभेदकलनां तेषामसंभाविनीम् ।
दुर्वारं नरकांधकूपपतनं मुक्तिं बुधा दुर्लभा, सार्वज्ञः समयोदयारसमयो येषां न कर्णातिथिः ॥ १८ ॥

सर्वज्ञ श्री वीतराग भगवानने कहेलो एवो दयामय आगम जे पुरुषोना कानमां नथी पडयो तेमना मनुष्य जन्मने पंडितजनो निष्फळ कहे छे. तेमना चित्तने निरर्थक कहे छे, तेमनी कर्णइन्द्रियनुं बनाववुं वृथा छे, तेमनामां गुणदोषना विवेकनो विचार पण दुर्लभ छे, तेमनुं नरकरूप अंधकारमय कूवाने विषे पडवुं ते रोकी राखवुं कठण छे अने तेमने मुक्ति पण दुर्लभ छे ॥१८॥

पीयूषं विषवज्जलं ज्वलनवत्तेजस्तमः स्तोमव-न्मित्रं शात्रववत् स्रजं भुजगवच्चिंतामणिं लोष्टवत् ।
ज्योत्स्नां ग्रीष्मजघर्मवत् स मनुते कारुण्यपण्यापणं, जैनेंद्रं मतमन्यदर्शनसमं यो दुर्मतिर्मन्यते ॥ १९ ॥

जे मूर्खजन करुणारूपी वस्तुना हाट समान एवा जीनेंद्रना शासनने अन्यदर्शन समान माने छे. ते अमृतने झेर समान, जळने अग्नि समान, प्रकाशने अंधकारना समूह समान, मित्रने वैरी समान, फूलनी माळाने सर्प समान, चिंतामणि रत्नने पत्थर समान, अने चंद्रमानी कांतिने उनाळाना ताप समान माने छे. अहीं अमृतादिक समान जैनशासन अने विषयादिक समान अन्य दर्शन जाणवुं.

धर्म्मं जागरयत्यघं विघटयत्युत्थायत्युत्पथं, भिन्ते मत्सरमुच्छिनत्ति कुनयं मथ्नाति मिथ्यामतिम् ।
वैराग्यं वितनोति पुष्यति कृपां मुष्णाति तृष्णां च य-ज्जैनं मतमर्चति प्रथयति ध्यायत्यधीते कृती ।२०।

पंडित पुरुष जे जीनशासननी पूजा करे छे, जेनो विस्तार करे छे, जेनुं ध्यान करे छे. अने वळी जेने पठन करे छे ते जैन-शासन धर्मनो उद्योत करे छे, पापने दूर करे छे, अनाचारनुं निवारण करे छे. द्वेष भावनो विनाश करे छे, अन्यायनो उच्छेद करे छे मिथ्यामतिने दूर करे छे. वैराग्यनो विस्तार करे छे, दयानुं पोषण करे छे, अने लोभने दूर करे छे ॥ २० ॥

रत्नानामिव रोहणक्षितिधरः खं तारकाणामिव, स्वर्गः कल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव ।
पाथोधिः पयसामिवे दुमहसांस्थानं गुणानामसा, वित्यालोच्य विरच्यिता भगवतः संघस्य पूजाविधिः ।२१।

मानुष्यं विफलं वदंति हृदयं व्यर्थं वृथा श्रोत्रयो-र्निर्माणं गुणदोषभेदकलनां तेषामसंभाविनीम् ।
दुर्वारं नरकांधकूपपतनं मुक्तिं बुधा दुर्लभा, सार्वज्ञः समयोदयारसमयो येषां न कर्णातिथिः ॥ १८ ॥

सर्वज्ञ श्री वीतराग भगवाने कहेलो एवो दयामय आगम जे पुरुषोना कानमां नथी पड्यो तेमना मनुष्य जन्मने पंडित-जनो निष्फळ कहे छे. तेमना चित्तने निरर्थक कहे छे, तेमनी कर्णइन्द्रियनुं बनाववुं वृथा छे, तेमनामां गुणदोषना विवेकनो विचार पण दुर्लभ छे, तेमनुं नरकरूप अंधकारमय कूवाने विषे पडवुं ते रोकी राखवुं कठण छे अने तेमने मुक्ति पण दुर्लभ छे ॥१८॥

पीयूषं विषवज्जलं ज्वलनवत्तेजस्तमः स्तोमव-न्मित्रं शात्रववत् स्रजं भुजगवच्चिंतामणिं लोष्टवत् ।
ज्योत्स्नां ग्रीष्मजघर्मवत् स मनुते कारुण्यपण्यापणं, जैनेंद्रं मतमन्यदर्शनसमं यो दुर्मतिर्मन्यते ॥ १९ ॥

जे मूर्खजन करुणारूपी वस्तुना हाट समान एवा जिनेंद्रना शासनने अन्यदर्शन समान माने छे. ते अमृतने झेर समान, जळने अग्नि समान, प्रकाशने अंधकारना समूह समान, मित्रने वैरी समान, फूलनी माळाने सर्प समान, चिंतामणि रत्नने पत्थर समान, अने चंद्रमानी कांतिने उनाळाना ताप समान माने छे. अहीं अमृतादिक समान जैनशासन अने विषयादिक समान अन्य दर्शन जाणवुं.

धर्म्मं जागरयत्यघं विघटयत्युत्थापयत्युत्पथं, भिन्ते मत्सरमुच्छिनत्ति कुनयं मथ्नाति मिथ्यामतिम् ।
वैराग्यं वितनोति पुष्यति कृपां मुष्णाति तृष्णां च य-त्तज्जैनं मतमर्चति प्रथयति ध्यायत्यधीते कृती ।२०।

पंडित पुरुष जे जिनशासननी पूजा करे छे, जेनो विस्तार करे छे, जेनुं ध्यान करे छे, अने वळी जेने पठन करे छे ते जैन-

शासन धर्मनो उद्योत करे छे, पापने दूर करे छे, अनाचारनुं निवारण करे छे. द्वेष भावनो विनाश करे छे, अन्यायनो उच्छेद करे छे, मिथ्यामतिने दूर करे छे, वैराग्यनो विस्तार करे छे, दयानुं पोषण करे छे, अने लोभने दूर करे छे ॥ २० ॥

रत्नानामिव रोहणक्षितिधरः खं तारकाणामिव, स्वर्गः कल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव ।
पाथोधिः पयसामिवेन्दुमहसां स्थानं गुणानामसा, वित्यालोच्य विरच्यिता भगवतः संघस्य पूजाविधिः ।२१।

हे भव्य जीवो ! जेम रोहणाचळ पर्वत रत्नोनुं, आकाश ताराओनुं, स्वर्ग कल्पवृक्षनुं, सरोवर कमल पुष्पनुं, समुद्र चंद्रमा समान निर्मळ जळनुं, अथवा चंद्रमा तेजनुं निवास स्थानक छे; तेम आ सर्व गुणोनुं निवास स्थान छे. एम धारीने ए पूजन करवा योग्य संघनो पूजाविधि करो. ॥२१॥

यः संसार निरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते, यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नाऽन्यः समः ।
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते, स्फूर्तिर्यस्य परा वसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यताम्

हे भव्यात्माओ ! जे संघ, संसारना त्यागने विषे इच्छावाळी छे बुद्धि जेनी एवो छतां मुक्तिना साधनने माटे सावधान थाय छे, वळी जे पवित्रपणाए करीने तीर्थरुप कहेवाय छे, जेना समान बीजो कोइ नथी, जेने तीर्थंकर महाराजा पण व्याख्यानने अवसरे "नमो तित्थस्स" एम कही नमस्कार करे छे, जेनाथी सज्जनोनुं कल्याण थाय छे, जेनो उत्कृष्ट महिमा छे, अने जेने विषे गुणो रहे छे, एवा ते संघनी पुजा करो. ॥२२॥

लक्ष्मीस्तं स्वयमभ्युपैतिरभसा कीर्त्तिस्तमालिंगति, प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कंठया ।
स्वः श्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते, यः संघं गुणराशिकेलिसदनं श्रेयोरुचिः सेवते ।२३।

गुणोना समूहना क्रीडाघर एवा श्री संघने कल्याण विषे रुचिवाळो एवो जे पुरुष सेवे छे, ते पुरुषने संपत्ति झट पोतानी मेळे सन्मुख आवे छे, कीर्ति आलिंगन दे छे, प्रीति सेवे छे, बुद्धि उत्सुकताथी तेने प्राप्त करवाने प्रयत्न करे छे. स्वर्गलक्ष्मी तेने वारंवार आलिंगन देवाने इच्छे छे अने मुक्तिस्त्री तेने जोया करे छे. ॥२३॥

यद्भक्तेः फलमर्हदादिपदवीमुख्यं कृषेः शस्यवत्, चक्रित्वं त्रिदशेंद्रतादि तृणवत् प्रासंगिकं गीयते ।
शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः, संघः सोऽघहरः पुनातु चरणन्यासैःसतां मंदिरम् ।२४।

धान्यप्राप्ति जेम खेतीनुं मुख्य फळ छे, तेम अरिहंतादिकनी पदवी एज जेनी भक्तिनुं मुख्य फळ छे, वळी जे संघने क्षेत्रनाघासनी पेठे चक्रवर्त्तिपणुं, देवेंद्रादिकनी पदवी विगेरे तो प्रसंगथीज मळती कहेवाय छे, अने वळी जेना महिमाना वर्णनने विषे बृहस्पतिनी वाणी पण समर्थ थती नथी, एवो पापने हरण करनारो श्रीसंघ पोतानां पगलां स्थापन करीने उत्तम जनोना घरने पवित्रकरो.

क्रीडाभूः सुकृतस्य दुष्कृतरजः संहारवात्या भवो-दन्वन्नौर्व्यसनाग्निमेघपटली संकेतदूती श्रियाम् ।
निःश्रेणिस्त्रिदिवौकसः प्रियसखी मुक्तेः कुगत्यर्गला, सत्त्वेषु क्रियतां कृपैव भवतु क्लेशैरशेषैः परैः ।२५।

हे भव्य जीवो ! अन्य सर्व कायानां दुःखोने रहेवा दइने सारा कृत्योनुं क्रीडास्थान, पापरुपी रजने दूर करवामां वायुना समूह

समान, भवसमुद्रने विषे नाव समान, क्लेशरुपी अग्निने मेघनी घटा समान, संपत्तिओने संकेतस्थान विषे पहोंचाडनारी दूती समान, स्वर्गनी निसरणी समान अने मुक्तिस्त्रीनी प्रिय सखी एवी जे जीवदया तेज करो. ॥२५॥

**यदि ग्रावा तोये तरति तरणिर्यद्युदयति, प्रतीच्यां सप्तार्चिर्यदि भजति शैत्यं कथमपि ।**
**यदि क्ष्मापीठं स्यादुपरि सकलस्याऽपि जगतः, प्रसूते सत्त्वानां तदपि न वधः क्वाऽपि सुकृतम् ॥२६॥**

जो कदी पत्थर जळने विषे तरे, सूर्य पश्चिम दिशाए उदय पामे. अग्नि कोई पण रीते शीतलपणुं पामे, अने पृथ्वीमंडळ सर्व जगत्नी उपर आवे; तोपण जीवहिंसा रुपकार्य क्यांय पण पुण्य उत्पन्न करतुं नथी. ॥२६॥

**स कमलवनमग्नेर्वासरं भास्वदस्ता–दमृतमुरगवक्रात्साधुवादं विवादात् ।**
**रुगपगममजीर्णाज्जीवितं कालकूटा–दभिलषति वधाद्यः प्राणिनां धर्ममिच्छेत् ॥ २७ ॥**

जे पुरुष जीवहिंसा थकी धर्मने वांछे छे, ते पुरुष अग्नि पासेथी कमळना वनने इच्छे छे. सूर्यना अस्त थया पछी दिवसने जोवानी इच्छा करे छे, वळी सर्पना मुख थकी अमृत, क्लेश थकी कीर्ति, अजीर्ण थकी रोगनो नाश, अने झेर खावाथी जीवितने इच्छे छे.

**आयुर्दीर्घतरं वपुर्वरतरं गोत्रं गरीयस्तरं, वित्तं भूरितरं बलं बहुतरं स्वामित्वमुच्चैस्तरम् ।**
**आरोग्यं विगतांतरं त्रिजगति श्लाघ्यत्वमल्पेतरं, संसारांबुनिधिं करोति सुतरं चेतः कृपार्द्रांतरम् ॥२८॥**

कृपा थकी भीनो छे मध्यभाग जेनो एवुं जे मनुष्यनुं चित्त, ते आयुष्यने घटवा देतुं नथी. शरीरने सुंदर बनावे छे, कुळने

म्होटुं करे छे, द्रव्यने वधारे छे, बळमां वृद्धि करे छे, म्होटाइनो वधारो करे छे, निरंतर निरोगी राखे छे; त्रण जगत्‌मां माणसोनी प्रशंसा प्राप्त करावे छे, अने संसाररुप समुद्रने सुखे तरी शकाय एवो बनावे छे. ॥२८॥



**विश्वासायतनं विपत्तिदलनं देवैः कृताराधनं, मुक्तेः पथ्यदनं जलाग्निशमनं व्याघ्रोरगस्तंभनम् ।**
**श्रेयःसंवननं समृद्धिजननं सौजन्यसंजीवनं, कीर्त्तेः केलिवनं प्रभावभवनं सत्यं वचः पावनम् ॥ २९ ॥**

हे भव्यजनो ! विश्वासना स्थानरूप. आपत्तिओनो नाश करनारुं, देवताओए पण जेनुं आराधन करेलुं छे एवुं, मोक्षमार्गने विषे भातारुप, जळ तथा अग्निना भयने शमावनारुं, वाघ तथा सर्पने थंभावनारुं, मोक्षनुं वशीकरण समृद्धिने उत्पन्न करनारुं, सुजनताने निपजावनारुं, कीर्त्तिनुं क्रीडावन, अने महिमाना घररुप एवुं जे पवित्र सत्यवचन तेज बोलो. ॥२९॥

**यशः यस्माद्भस्मीभवति वनवह्नेरिव वनं, निदानं दुःखानां यदवनिरुहाणां जलमिव ।**
**न यत्र स्याच्छायाऽऽतप इव तपःसंयमकथा, कथंचित्तन्मिथ्यावचनमभिधत्ते न मतिमान् ॥ ३० ॥**

जेम दावाग्निथी वन भस्म थाय छे, तेमज असत्य वचनथी यश भस्म थाय छे, वळी जे असत्य वचन; जळ जेम वृक्षोना कारणरुप छे, तेम दुःखोनां हेतुरुप छे, अने वळी जे असत्य वचनने विषे, सूर्यना तडकाने विषे जेम छाया न होय, तेम तप अने संयमनी कथापण होती नथी, एवा असत्य वचनने बुद्धिमान पुरुषो कष्ट आवे छते पण बोलता नथी. ॥३०॥

**असत्यमप्रत्ययमूलकारणं, कुवासनासद्म समृद्धिवारणम् ।**

त्रिपन्निदानं परवंचनोर्जितं, कृतापराधं कृतिभिर्विवर्जितम् ॥ ३१ ॥

अविश्वासनुं मूळकारण, माठी वासना एटले पाप बुद्धिनुं घर लक्ष्मीने वरनारुं आपत्तिओनुं कारण, अन्यजनोने छेतरवामां बळवान अने अपराधी एवुं जे असत्य वचन, तेने पंडित जनोए तजेलुं छे. ॥३१॥

तस्याऽग्निर्जलमर्णवः स्थलमरिर्मित्रं सुराःकिंकराः, कांतारं नगरं गिरिर्गृहमहिर्माल्यं मृगारिर्मृग ।
पातालं बिलमस्त्रमुत्पलदलं व्यालः श्रृगालो विषं, पीयूषं विषमं समं च वचनं सत्याञ्चितं वक्ति यः ।३२।

जे पुरुष सत्यतायुक्त वचन बोले छे, तेने अग्नि जळ समान, समुद्र स्थळसमान, शत्रु मित्रसमान, देवता सेवकसमान; वन नगरसमान. पर्वत घरसमान, सर्प फूलनी माळासमान, सिंह हरिणसमान, पाताळ छिद्रसमान, शस्त्र कमळपत्रसमान, हाथी शियाळसमान, विष अमृतसमान, अने विषम स्थान संपत्तिना स्थान समान थाय छे. ॥३२॥

तमभिलषति सिद्धिस्तं वृणीते समृद्धि–स्तमभिसरति कीर्तिर्मुंचते तं भवार्त्ति ।
स्पृहयति सुगतिस्तं नेक्षते दुर्गतिस्तं, परिहरति विपत्तं यो न गृह्णत्यदत्तम् ॥ ३३ ॥

जे पुरुष नहिं आपेलुं अर्थात् पारकुं नथी ग्रहण करतो ते पुरुषनी मुक्ति इच्छा करेछे, समृद्धि तेने वरेछे, यश तेनी पासे जायछे संसारनां दुःख तेने तजी दे छे, सुगति ते पुरुषनी वांछा करेछे. दुर्गति तेना सामुं जोती नथी, अने विपत्ति तो तेनो त्यागज करेछे

अदत्तं नाऽऽदत्ते कृतसुकृतकामः किमपि यः, शुभश्रेणिस्तस्मिन् वसति कलहंसीव कमले ।

विपत्तस्माद्दूरं व्रजति रजनीवांबरमणे—र्विनीतं विद्येव त्रिदिवशिवलक्ष्मीर्भजतितम् ॥ ३४ ॥

पुण्यनी इच्छा करनारो जे मनुष्य, कोइपण अदत्त पदार्थ लेतो नथी, ते पुरुषने विषे, कमलने विषे जेम राजहंसी रमे छे, तेम कल्याणनो समूह वास करे छे, वळी सूर्यथी जेम रात्री नामी जाय छे, तेम ते पुरुषथी विपत्ति दूर जती रहे छे, अने जेम विद्या, विनयि पुरुष पासे आवे छे, तेम स्वर्ग अने मोक्षनी लक्ष्मी ते पुरुषने सेवे छे. ॥३४॥

यन्निर्वर्त्तितकीर्तिधर्मनिधनं सर्वागसां साधनं, प्रोन्मीलद्वधबंधनं विरचिताक्लिष्टाशयोद्बोधनम् ।
दौर्गत्यैकनिबंधनं कृतसुगत्याश्लेषसंरोधनं, प्रोत्सर्प्पत्प्रधनं जिघृक्षति न तद्धीमानदत्तं धनम् ॥ ३५ ॥

जेनाथी कीर्त्ति तथा धननो नाश थाय छे, जे सर्व अपराधोनुं कारणरुप छे जेनाथी प्रहार बंधन आदि प्रगट थाय छे, जे दुष्ट अभिप्रायने प्रगट करे छे, जे दरिद्रतानुं असाधारण कारण छे, जे सुगतिने प्राप्त करतां निवारण करे छे, अने जेनाथी मरण थाय छे, एवुं जे अदत्त धन, तेने बुद्धिमान पुरुषो ग्रहण करता नथी. ॥३५॥

परजनमनःपीडाक्रीडावनं वधभावना—भवनमवनिव्यापिव्यापल्लताघनमंडलम् ।
कुगतिगमने मार्गः स्वर्गापवर्गपुरार्गलं, नियतमनुपादेयं स्तेयं नृणां हितकांक्षिणाम् ॥ ३६ ॥

अन्य जनोना मननी पीडाने रमवाना वन समान, हिंसानी चिंतवनाना घररुप. पृथ्वीने विषे फेलाइ रहेली जे आपदारुपी लताओ, तेने वधारवामां मेघना समूह समान, कुगतिने विषे जवाना मार्गरुप, तथा स्वर्ग अने मोक्षपुरीना बारणे आगळीआ रुप

एवुं जे अदत्त ते निश्चे हितवांछक जनोए ग्रहण करवा योग्य नथी. ।३६।

दत्तस्तेन जगत्यकीर्तिपटहो गोत्रे मषीकूर्च्चकः, चारित्रस्य जलांजलिर्गुणगणारामस्य दावानलः ।
संकेतः सकलापदां शिवपुरद्वारे कपाटो दृढः, कामार्त्तस्त्यजति प्रबोधयति वा स्वस्त्रीं परस्त्रीं न यः ।३७।

कामथी पीडाएलो जे माणस पोतानी स्त्रीने बोलावतो नथी अने परस्त्रीने तजतो नथी, तेणे जगत्‌ने विषे अपकीर्तिरुप ढोल वगडाव्यो छे. पोताना गोत्रनी उपर रुश्नाइनो कूचडो फेरव्यो छे. संयमने जलांजलि आपी छे–अर्थात् चारित्र तेनाथी दूर रहे छे; गुण समूहरुपी उद्यानने विषे दावानळ सळगाव्यो छे, सर्व आपत्तिओने पोतानी पासे बोलावी छे, अने मोक्षरुपी नगरीना द्वारने विषे कमाड मजबुत बंध कर्या छे. ।३७।

व्याघ्रव्यालजलानलादिविपदस्तेषां व्रजंति क्षयं, कल्याणानि समुल्लसंति विबुधाः सान्निध्यमध्यासते ।
कीर्तिः स्फूर्तिमियर्ति यात्युपचयं धर्मः प्रणश्यत्यघं. स्वर्निर्वाणसुखानि संनिदधते ये शीलमाबिभ्रते ।३८।

जे माणसो शील व्रतने धारण करे छे; तेमनी वाघ, सर्प जळ, अग्नि प्रमुखनी आपत्तिओ नाश पामेछे, कल्याण वृद्धि पामेछे, देवताओ सहाय्य करे छे, कीर्ति विस्तार पामेछे, धर्म पोषण पामेछे, पाप नाश पामे छे, तथा स्वर्ग अने मोक्षनां सुख पासमां आवेछे.

हरति कुलकलंकं लुंपते पापपंकं, सुकृतमुपचिनोति श्लाघ्यतामातनोति ।
नमयति सुरवर्गं हंति दुर्गोपसर्गं, रचयति शुचिशीलं स्वर्गमोक्षौ सलीलम् ॥ ३९ ॥

निर्मळ एवुं शीलव्रत–कुळना कलंकनुं हरण करे छे, पापरुपी कादवनो नाश करे छे, पुण्यनो वधारो करे छे, प्रशंसानो विस्तार करे छे, देवताओना समूहने नमावे छे, भयंकर उपसर्गोने हणे छे. तथा रमत मात्रमां स्वर्ग अने मोक्षने आपे छे. ॥३९॥

**तोयत्यग्निरपि स्रजत्यहिरपि व्याघ्रोऽपि सारंगति, व्यालोऽप्यश्वति पर्वतोऽप्युपलति क्ष्वेडोऽपि पीयूषति ।**
**विघ्नोऽप्युत्सवति प्रियत्यरिरपि क्रीडातडागत्यपां,–नाथोऽपि स्वगृहत्यटव्यपि नृणां शीलप्रभावाद् ध्रुवम् ४०**

शीलव्रतना प्रभावथी मनुष्यने नक्की अग्नि जळसमान, सर्प पुष्पनी माळासमान, वाघ हरिणसमान, हाथी घोडासमान, पर्वत पत्थरसमान, झेर अमृतसमान, विघ्न उत्सवसमान, शत्रु मित्रसमान, समुद्र क्रीडा करवाना सरोवरसमान अने अटवी पोताना घरसमान थायछे.

**कालुष्यं जनयन् जडस्य रचयन् धर्मद्रुमोन्मूलनं, क्लिश्यन्नीतिकृपाक्षमाकमलिनीर्लोभांबुधिं वर्धयन् ।**
**मर्यादातटमुद्रुजन् शुभमनोहंसप्रवासं दिशन्, किं न क्लेशकरः परिग्रहनदीपूरः प्रवृद्धिं गतः ॥ ४१ ॥**

जेम वृद्धि पामेलुं नदीनुं पूर निर्मळ जळने मलीन करे छे, तेम वृद्धि पामेलुं परिग्रहरुपी नदीनुं पूर पण मूर्ख मनुष्योना चित्तने मलीन करे छे. जेम वृद्धि पामेलुं नदीनुं पूर कांठे रहेला वृक्षोने उखेडी नांखे छे, तेम वृद्धि पामेलुं परिग्रहरुपी नदीनुं पूर पण धर्मरुपी वृक्षने उखेडी नांखे छे. जेम वृद्धि पामेलुं नदीनुं पूर कमलिनीओने पीडा करे छे, तेम वृद्धि पामेलुं परिग्रहरुपी नदीनुं पूर पण नीति दया अने क्षमारुप कमलिनीने पीडा करे छे. जेम वृद्धि पामेलुं नदीनुं पूर समुद्रने वृद्धि पमाडेछे, तेम वृद्धि पामेलुं परिग्रहरुपी नदीनुं पूर पण लोभरुपी समुद्रने वृद्धि पमाडे छे. जेम वृद्धि पामेलुं नदीनुं पूर कांठाओने तोडी नांखे छे, तेम वृद्धि पामेलुं

परिग्रहरुपी नदीनुं पूर पण धर्मरुप मर्यादाना तटरुप चारित्रने उखेडी नांखे छे. तेमज वृद्धि पामेलुं नदीनुं पूर जेम हंसोने उडाडी मूके छे, तेम वृद्धि पामेलुं परिग्रहरुपी नदीनुं पूर पण शुभ मनरुपी हंसने उडाडी मूके छे. एवुं जे नवविध परिग्रहरुपी नदीनुं पूर, ते वृद्धि पामे छते शुं क्लेशकारी नथी ? अर्थात् छे ज. ॥४१॥

कलहकलभविंध्यः क्रोधगृध्रश्मशानं, व्यसनभुजगरंध्रं द्वेषदस्युप्रदोषः ।
सुकृतवनदवाग्निर्मार्दवांभोदवायु–र्नयनलिनतुषारोऽत्यर्थमर्थानुरागः ॥ ४२ ॥

द्रव्यने विषे अत्यंत प्रीति छे ते क्लेशरुपी हाथीने रहेवा विंध्याचळ समान छे, क्रोधरुपी गीधपक्षीने रहेवाने श्मशान तुल्य छे, दुःखरुपी सर्पने रहेवाने राफडा जेवो छे. अने द्वेषरुपी चोरने रात्री समान छे. वळी ते पुण्यरुपी वनने दावाग्निसमान, नम्रतारुपी मेघने वायुसमान अने न्यायरुपी कमलिनीने हीम समान छे. ॥४२॥

प्रत्यर्थी प्रशमस्य मित्रमधृतेर्मोहस्य विश्रामभूः, पापानां खनिरापदां पदमसद्ध्यानस्य लीलावनम् ।
व्याक्षेपस्य निधिर्मदस्य सचिवः शोकस्य हेतुः कलेः, केलीवेश्म परिग्रहः परिहृतेर्योग्यो विविक्तात्मनाम्

उपशमना शत्रुरुप. असंतोषना मित्रसमान, मोहनी विश्रामभूमि, पापनी खाण, आपत्तिओनुं स्थान, अशुभ ध्याननुं क्रीडावन, व्याकुळतानो भंडार, अहंकारनो मंत्री, शोकनो हेतु, अने क्लेशने रमवानुं घर, एवो जे परिग्रह छे, ते विवेकी पुरुषोए त्याग करवा लायक छे.

वह्निस्तृप्यति नेंधनैरिह यथा नांभोभिरंभोनिधि, स्तद्वन्मोहघनो घनैरपि धनैर्जंतुर्न संतुष्यति ।

न त्वेवं मनुते विमुच्य विभवं निःशेषमन्यं भवं, यात्यात्मा तदहं मुधैव विदधाम्येनांसि भूयांसि किम्? ४४

जेम आ लोकने विषे घणां काष्टोथी अग्नि अने जळथी समुद्र तृप्ति पामतो नथी, तेम मोहथी व्याप्त एवो जीव घणा द्रव्यथी पण संतोष पामतो नथी. परंतु ते एम नथी मानतो के. आत्मा तो समस्त वैभवने तजी दइने बीजो जन्म प्राप्त करे छे, माटे हुं शामाटे नकामा वधारे पाप करुं ? ॥४४॥

यो मित्रं मधुना विकारकरणे संत्राससंपादने, सर्पस्य प्रतिबिंबमंगदहने सप्तार्चिषः सोदरः।

चैतन्यस्य निषूदने विषतरोः सब्रह्मचारी चिरं, स क्रोधः कुशलाभिलाषकुशलैः प्रोन्मूलमुन्मूल्यताम् ।४५।

जे क्रोध विकार करवामां मद्यनो मित्र छे; तथा त्रास उत्पन्न करवामां सर्पनी जेवो, शरीरने बाळवाने अग्निनी जेवो, अने ज्ञाननो नाश करवामां अतिशयपणे विष वृक्षनी जेवो छे; ते क्रोधनो पोताना हितने चाहवामां कुशळ एवा पुरुषोए मूळथीज उच्छेद करवो.

फलति कलितश्रेयःश्रेणिप्रसूनपरंपरः, प्रशमपयसा सिक्तो मुक्तिं तपश्चरणद्रुमः।

यदि पुनरसौ प्रत्यासत्तिं प्रकोपहविर्भुजो, भजति लभते भस्मीभावं तदा विफलोदयः ॥ ४६ ॥

जेणे कल्याणनी पंक्तिरुप पुण्यनी श्रेणिने उत्पन्न करी छे, अने जे शांतिरुपी जळथी सिंचायुं छे एवुं जे तप अने चारित्ररुपी वृक्ष छे, ते मोक्षने आपे छे; परंतु जो ए वृक्ष क्रोधरुपी अग्निनी पासे जाय, तो ते फळ नहि प्राप्त करतां राख थइ जाय छे. "हवे बे काव्ये करीने क्रोधना दोषो जणावे छे." ॥४६॥

संतापं तनुते भिनत्ति विनयं सौहार्दमुत्सादय-त्युद्वेगं जनयत्यवद्यवचनं सूते विधत्ते कलिम् ।
कीर्त्तिं कृंतति दुर्मतिं वितरति व्याहंति पुण्योदयं, दत्ते यःकुगतिं स हातुमुचितो रोषः सदोषः सताम् ४७

जे क्रोध संतापने विस्तारे छे, विवेकनो नाश करे छे, मित्रतानो नाश करे छे, उद्वेग उत्पन्न करे छे, असत्य वचनने पेदा करे छे, क्लेश करावे छे, कीर्तिनुं उच्छेदन करे छे, दुष्टमति फेलावे छे, पुण्यना उदयनो नाश करे छे अने कुगतिमां लइ जाय छे एवो जे दोषयुक्त क्रोध, ते सत्पुरुषोए तजवा योग्य छे. ॥४७॥

यो धर्मं दहति द्रुमं दव इवोन्मथ्नाति नीतिं लतां, दंती वेंदुफलां विधुंतुद इव क्लिश्नाति कीर्तिं नृणाम् ।
स्वार्थं वायुरिवांबुदं विघटयत्युल्लासयत्यापदं, तृष्णां घर्म इवोचितःकृतकृपालोपः स कोपःकथम् ॥ ४८ ॥

जेम दावाग्नि वृक्षने बाळे छे तेम जे क्रोध धर्मने बाळी नाखे छे; जेम हाथी झाडनी वेलडीने उखेडी नांखे छे, तेम जे क्रोध नीतिरुपी वेलडीने उखेडी नांखे छे, जेम राहु चंद्रनी कलाने क्लेश पमाडे छे, तेम जे क्रोध मनुष्यनी कीर्तिने नाश पमाडे छे; जेम वायु मेघनो विनाश करे छे तेम जे क्रोध स्वार्थनो विनाश करे छे; जेम उनाळो तरसने वधारे छे, तेम जे क्रोध आपत्तिने वधारे छे, अने जे दयानो लोप करे छे; एवो ते क्रोध करवो योग्य केम होय ? ॥४८॥

यस्मादाविर्भवतिविततिर्दुस्तरापन्नदीनां, यस्मिन् शिष्टाभिरुचितगुणग्रामनामापि नास्ति ।
यश्च व्याप्तं वहति वधधीधूम्यया क्रोधदावं, तं मानाद्रिं परिहर दुरारोहमौचित्यवृत्तेः ॥ ४९ ॥

जेथी न तरी शकाय एवी आपत्तिरुपी नदीओनी पंक्ति प्रगट थाय छे, तथा जेने विषे उत्तम पुरुषोने प्रीतिकर एवा गुणोना समूहनुं नाम पण नथी, वळी जे हिंसानी बुद्धिरुपी धूमाडाना समूहथी व्याप्त एवा क्रोधरुपी दावानलने धारण करे छे, अने जे चढवाने पण कठण छे एवो जे मानरुपी पर्वत तेनो योग्य विनयथी त्याग करो. ॥ ४९ ॥

शमालानं भंजन् विमलमतिनाडीं विघटयन्, किरन् दुर्वाक्पांशूत्करमगणयन्नागमशृणिम् ।
भ्रमन्नूर्व्यां स्वैरं विनयनयवीथीं विदलयन्, जनः कं नाऽनर्थं जनयति मदांधो द्विप इव ॥ ५० ॥

जेम मदोन्मत्त हाथी आलान स्थंभने तोडी नांखे छे; तेम अहंकारथी अंध थएलो माणस पण शांतिरुपी आलान स्थंभने तोडी नांखे छे; जेम मदोन्मत्त हाथी मजबुत सांकळने तोडी नांखे छे; तेम अहंकारथी अंध थएलो माणस पण निर्मळ बुद्धिरुप सांकळने तोडी नांखे छे; जेम मदोमन्त्त हाथी धूळना समूहने उडाडे छे, तेम अहंकारथी अंध थएलो माणस पण दुर्वचनरुप धूळने उडाडे छे. जेम मदोमन्त्त हाथी अंकुशने गणतो नथी, तेम अहंकारथी अंध थएलो माणस पण आगमरुपी अंकुशने गणतो नथी, वळी मदोन्मत्त हाथी जेम सारा मार्गने तोडी नांखीने पोतानी मरजी प्रमाणे पृथ्वी उपर भमे छे, तेम अहंकारथी अंध थएलो माणस पण विनयरुपी न्यायमार्गने तोडी नांखीने पोतानी मरजी प्रमाणे पृथ्वी उपर भमे छे; एवो ते अहंकारथी अंध थएलो माणस कया प्रकारना अनर्थने नथी उत्पन्न करतो ? अर्थात् सर्व अनर्थने उत्पन्न करे छे ॥ ५० ॥

औचित्याचरणं विलुंपति पयोवाहं नभस्वानिव, प्रध्वंसं विनयं नयत्यहिरिव प्राणस्पृशां जीवितम् ।

कीर्त्तिं कैरविणीं मतंगज इव प्रोन्मूलयत्यंजसा, मानो नीच इवोपकारनिकरं हंति त्रिवर्गं नृणाम् ॥५१॥

जेम वायरो वादळने हठावे तेम जे अहंकार लायक आचारनो नाश करे छे; सर्पनी पेठे मानमनुष्यना जीवितरूप विनयनो नाश करे छे; मदोन्मत्त हाथीनी पेठे कीर्त्तिरुप पोयणीने उखेडी नांखे छे; अने नीच पुरुष जेम उपकारना समूहने हणे छे, तेम मान मनुष्योना धर्म-अर्थ-काम रुपी त्रणे वर्गनो नाश करे छे. ॥ ५१ ॥

मुष्णाति यः कृतसमस्तसमाहितार्थ; संजीवनं विनयजीवितमंगभाजाम् ।

जात्यादिमानविषजं विषमं विकारं, तं मार्द्दवामृतरसेन नयस्व शांतिम् ॥ ५२ ॥

जे समस्त वांछितार्थने सजीवन करनार एवा मनुष्योना विनयरुपी जीवितने चोरे छे, एवा जाति-कुल प्रमुखनां मानरुपी विषथी उत्पन्न थता भयंकर विकारने, कोमलतारुपी अमृतरसथी शांति पमाडो.

कुशलजननवंध्यां सत्यसूर्यास्तसंध्यां, कुगतियुवतिमालां मोहमातंगशालाम् ।

शमकमलहिमानीं दुर्यशाराजधानीं, व्यसनशतसहायां दूरतो मुंच मायाम् ॥ ५३ ॥

कुशल (कल्याण)ने उत्पन्न करवामां वांझणी स्त्रीसमान, सत्य वचनरुपी सूर्यने अस्त थवाने संध्यासमान, कुगतिरुपी युवतीनी वरमाळासमान, मोहरुपी हस्तीनी शाळासमान, उपशमरुपी कमळपुष्पने हिमसमान, अपयशनी राजधानी, अने सेंकडोबंध दुःखोने मदद करनारी एवी जे माया, तेनो दूरथी त्याग करो ॥ ५३ ॥

विधाय मायां विविधैरुपायैः, परस्य ये वंचनमाचरंति ।
ते वंचयंति त्रिदिवापवर्ग-सुखान्महामोहसखाःस्वमेव ॥ ५४ ॥

जेओ विविध प्रकारना उपायथी कपट करीने बीजाने छेतरे छे, महा अज्ञानना भाइबंध एवा तेओ पोतेज स्वर्गना अने मोक्षना सुखथी पोताना आत्माने छेतरे छे ॥ ५४ ॥

मायामविश्वासविलासमंदिरं, दुराशयो यः कुरुते धनाशया ।
सोऽनर्थसार्थं न पतंतमीक्षते, यथा बिडालो लकुटं पयः पिबन् ॥ ५५ ॥

जे दुष्ट आशयवाळो माणस द्रव्यनी आशाथी अविश्वासने रमवाना घररुप एवी मायाने करे छे, ते माणस बिलाडी जेम दूध पीती छती दंडनो प्रहार जाणती नथी, तेम कष्टनो समूह आवी पडशे एम जाणतो नथी ॥ ५५ ॥

मुग्धप्रतारणपरायणमुज्जिहीते, यत्पाटवं कपटलंपटचित्तवृत्तेः ।
जीर्यत्युपप्लवमवश्यमिहाऽप्यकृत्वा, नाऽपथ्यभोजनमिवामयमायतौ तत् ॥ ५६ ॥

जेम अपथ्य भोजन रोग कर्या विना पचतुं नथी, तेम कपटने विषे लंपट चित्तवृत्तिवाळा मनुष्यनुं मूर्खजनने छेतरवामां तत्पर एवुं जे चातुर्य प्रकट थाय छे, ते भविष्यमां उपद्रव कर्या विना रहेतुं नथी ॥ ५६ ॥

वनमटवीमटंति विकटं क्रामंति देशांतरं, गाहंते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते ।

सेवंते कृपणं पतिं गजघटासंघट्टदुःसंचरं, सर्पंति प्रघनं धनाधितधियस्तल्लाभविस्फूर्जितम् ॥ ५७ ॥

धनना लोभथी अंध थइ छे बुद्धि जेनी एवा पुरुषो जे भयंकर अटवीने विषे भ्रमण करे छे, बहु दूर परदेशने विषे फरे छे, उंडा एवा समुद्रनुं उल्लंघन करे छे, बहु दुःखवाळी खेती करे छे, कृपण पतिनी सेवा करे छे, अने हाथीओना समूह पासे पासे रहेवाथी अंदर प्रवेश न थइ शके एवा संग्रामने विषे पण जाय छे. ए सर्व लोभनो प्रताप छे. ॥ ५७ ॥

मूलं मोहविषद्रुमस्य सुकृतांभोराशिकुंभोद्भवः, क्रोधाग्नेररणिः प्रतापतरणिप्रच्छादने तोयदः ।
क्रीडासद्म कलेर्विवेकशशिनः स्वर्भानुरापन्नदी-सिंधुः कीर्तिलताकलापकलभो लोभः पराभूयताम् ॥५८॥

हे भव्य जीवो ! अज्ञानरुपी झेरी झाडना मूळीया जेवो, पुण्यरुपी समुद्रने अगस्त्यऋषिसमान, क्रोधरुपी अग्निने अरणिना लाकडा समान, प्रतापरुपी सूर्यने ढांकवामां मेघसमान, क्लेशनुं क्रीडागृह, विवेकरुपी चंद्रमाने राहुसमान, आपत्तिरुपी नदीओना समुद्रसमान, अने कीर्तिरुपी वेलडीना समूहनो नाश करवामां हाथीना बचा समान एवो जे लोभ, तेने दूर करो. ॥ ५८ ॥

निःशेषधर्मवनदाहविजृंभमाणे, दुःखौघभस्मनि विसर्पदकीर्तिधूमे ।
बाढं धनेंधनसमागमदीप्यमाने; लोभानले शलभतां लभते गुणौघः ॥ ५९ ॥

बधा धर्मरुपी वनने बाळवाथी विस्तार पामता, दुःखोना समूहरुपी राखवाळा, फेलाती अपकीर्त्तिरुपी धूमाडावाळा, अने धनरुपी लाकडाना संबंधथी अत्यंत ज्वाजल्यमान एवा लोभरुपी अग्निने विषे सद्गुणोनो समूह पतंगपणाने प्राप्त थाय छे, अर्थात् एवा

लोभरुप अग्निमां पडीने सद्गुणोनो समूह बळी जाय छे. ॥ ५९ ॥

जातः कल्पतरुः पुरःसुरगवा तेषां प्रविष्टा गृहे, चिंतारत्नमुपस्थितं करतले प्राप्तो निधिः संनिधिम् ।
विश्वं वश्यमवश्यमेव सुलभाःस्वर्गापवर्गश्रियो, ये संतोषमशेषदोषदहनध्वंसांबुदं बिभ्रते ॥ ६० ॥

बधा दोषरुपी अग्निने ठारवामां मेघसमान एवो जे संतोष, तेने जे पुरुषो धारण करे छे, तेमनी आगळ कल्पवृक्ष उत्पन्न थयुं समजवुं तेमना घरमां कामधेनुए प्रवेश कर्यो छे, तेमना हाथना तळीयामां चिंतामणि रत्न आव्युं एम समजवुं छे, तेमज तेमने स्वर्ग अने मोक्षनी लक्ष्मी अवश्य सुलभ छे ॥ ६० ॥

वरं क्षिप्तः पाणिः कुपितफणिनो वक्त्रकुहरे, वरं झंपापातो ज्वलनदनलकुंडे विरचितः ।
वरं प्रासप्रांतः सपदि जठरांतर्विनिहितो, न जन्यं दौर्जन्यंतदपि विपदां सद्म विदुषा ॥ ६१ ॥

कोपायमान थयेला सर्पना मुखने विषे हाथ नांखवो ते सारो; ज्वाजल्यमान अग्निना कुंडने विषे झंपापात करवो ते सारो; उदरना मध्यभागने विषे भालानो अग्रभाग नांखवो ते सारो; पण पंडित पुरुषे आपत्तिनुं स्थानक एवुं दुर्जन पणुं करवुं ते व्याजबी नही. ६१

सौजन्यमेव विदधाति यशश्चयं च, स्व श्रेयसं च विभवं च भवक्षयं च ।
दौर्जन्यमावहसि यत् कुमते तदर्थं, धान्येऽनलं दिशसि तज्जलसेकसाध्ये ॥ ६२ ॥

सदाचारिपणुंज पुरुषोने यशनो समूह पमाडे छे, तेमनुं श्रेय करेछे, वैभव पमाडेछे, अने संसारनो क्षय करेछे, हे दुर्बुद्धि ? तुं ते कार-

णनेअर्थे दुराचार सेवे छे, ते तो तुं जळसिंचन थी मेळववा योग्य एवा धान्यना क्षेत्रने विषे अग्नि मूकवा जेवुं भूल भरेलुं काम करे छे

वरं विभववंध्यता सुजनभावभाजां नृणा-मसाधुचरितार्जिता न पुनरूर्जिताः संपदः ।
कृशत्वमपि शोभते सहजमायतौ सुंदरं, विपाकविरसा न तु श्वयथुसंभवा स्थूलता ॥ ६३ ॥

सदाचारि मनुष्योने निर्धनपणुं अर्थात् दारिद्रय एज सारुं छे; पण दुष्ट आचरण वडे मेळवेली घणी पण संपत्ति सारी नथी; कारण के भविष्यकाळने विषे सुंदर एवुं जे स्वाभाविक दुर्बळपणुं ते शोभे छे. पण परिणामे भयंकर एवी जे सोजो चढवाथी थएली पुष्टता ते शोभती नथी ॥ ६३ ॥

न ब्रूते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहं, संतोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचम् ।
स्वश्लाघां न करोति नोज्झात नयं नौचित्यमुल्लंघय-त्युक्तोप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्रं सताम् ।६४।

सज्जन पुरुषो बीजाना दोषने कहेता नथी; परंतु बीजाना गुणने, ते अल्प होय तो पण निरंतर, कहे छे, पारकी संपत्तिने विषे संतोष अने परपीडाने विषे शोक धारण करे छे; आपबडाइ करता नथी; न्यायनो त्याग करता नथी, अने योग्यतानुं उल्लंघन करता नथी, वळी तेमने कडवां वचन कह्यां होय तोपण तेओ क्रोध करता नथी, आवुं सत्पुरुषोनुं चरित्र छे ॥ ६४ ॥

धर्मं ध्वस्तदयो यशश्च्युतनयो वित्तं प्रमत्तः पुमान्, काव्यं निष्प्रतिभस्तपः शमदयाशून्योऽल्पमेधाः श्रुतम् ।
वस्त्वालोकमलोचनश्चलमना ध्यानं च वाञ्छत्यसौ, यः संगं गुणिनां विमुच्य विमतिःकल्याणमाकांक्षति ।६५।

जे बुद्धिहीन पुरुष गुणिजनोनो संग छोडीने कल्याणनी इच्छा राखे छे; ते दयानो त्याग करीने धर्मनी इच्छा करे छे न्याय-नो त्याग करीने यशनी, प्रमादी थइने द्रव्यनी, बुद्धि विना काव्य करवानी, शमता अने दया विना तपनी, अल्पमतिवाळो छतां शास्त्रना अध्ययननी, नेत्र विना वस्तुओने जोवानी. अने चंचळ चित्तवाळो छतां ध्याननी इच्छा करे छे एटले दया विगेरे न होय तो जेम पुण्यादिनो लाभ न मली शके, तेम गुणिजननी सोबत विना कल्याण थायज नहीं। ६५ ॥

**हरति कुमतिं भिन्ते मोहं करोति विवेकितां, वितरति रतिं सूते नीतिं तनोति गुणावलिम् ।**
**प्रथयति यशो धत्ते धर्म्मं व्यपोहति दुर्गतिं, जनयति नृणां किं नाभीष्टं गुणोत्तमसंगमः ॥ ६६ ॥**

गुणो वडे उत्तम एवा जनोनी सोबत मनुष्योने शुं शुं इच्छित वस्तु नथी उत्पन्न करती? ते कुमतिने दूर करे छे, मोहने हठावे छे, तत्व अने अतत्वनुं भान करावे छे, संतोष आपे छे, नीतिने प्रकटावे छे. गुणोना समूहने विस्तारे छे. यशने फेलावे छे, धर्ममां स्थिर करे छे. अने दुर्गतिने दूर करे छे ॥ ६६ ॥

**लब्धुं बुद्धिकलापमापदमपाकर्त्तुं विहर्तुं पथि, प्राप्तुं कीर्तिमसाधुतां विधुवितुं धर्मं समासेवितुम् ।**
**रोद्धुं पापविपाकमाकलयितुं स्वर्गापवर्गश्रियं, चेत्त्वं चित्त समीहसे गुणवतां संगं तदंगीकुरु ॥ ६७ ॥**

हे चित्त? जो तुं बुद्धिना समूहने प्राप्त करवाने, आपत्तिने दूर करवाने, न्यायमार्गने पालवा, कीर्तिने पामवाने, दुर्जनतानो त्याग करवाने, धर्मनुं उत्तम रीते सेवन करवाने, पापना फळने रोकवाने अने स्वर्ग तथा मोक्षनी लक्ष्मीनो अनुभव करवाने इच्छ-

तुं होय तो गुणिजननी सोबत कर ॥ ६७ ॥

हिमत्ति महिमाभाजे चंडानिलत्युदयांबुदे, द्विरदति दयारामे क्षेमक्षमाभृति वज्रति ।
समिधति कुमत्यग्नौ कंदत्यनीतिलतासु यः, किमभिलषता श्रेयः? स निर्गुणसंगमः ॥ ६८ ॥

जे मोटाइरुपी कमलनी उपर हिम जेवी छे, आबादीरुपी मेघने विषे कठोर वायरा जेवी छे, दयारुपी बगीचाने विषे हाथीनी जेवी छे. कल्याणरुपी पर्वतने विषे वज्र जेवी छें, खराब बुद्धिरुपी अग्नीने विषे लाकडां जेवी छे, अने अन्यायरुपी वेलडीयोने विषे कंद जेवी छे; एवी जे निर्गुणी मनुष्यनी सोबत. ते शुं कल्याणनी इच्छावाळा पुरुषोए करवी योग्य छे? अर्थात् नथी ॥ ६८ ॥

आत्मानं कुपथेन निर्गमयितुं यः शूक्लाश्वायते, कृत्याकृत्यविवेकजीवितहृतौ यःकृष्णसर्पायते ।
यः पुण्यद्रुमखंडखंडनविधौ स्फूर्जत्कुठारायते, तं लुप्तव्रतमुद्रमिंद्रियगणं जित्वा शुभंयुर्भव ॥ ६९ ॥

हे भव्यजीव? व्रतनी मर्यादाने छेदनारो एवो जे इन्द्रियोनो समूह, ते आत्माने कुमार्गे लइ जवाने हठीला घोडानी जेवो छे, कृत्य अने अकृत्यना विवेकरुषी जीवितनुं हरण करवामां काळासर्प जेवो छ अने धर्मरुपी झाडना वनने छेदवामां अणीदार कुहाडी जेवो छे, ते इन्द्रियना समूहने जीतीने सुखी था ॥ ६९ ॥

प्रतिष्ठां यन्निष्ठां नयति नयनिष्ठां विघटय--त्यकृत्येष्वाधत्ते मतिमतपसि प्रेम तनुते ।
विवेकस्योत्सेकं विदलयति दत्ते च विपदं, पदं तद्दोषाणां करणनिकुरंबं कुरु वशे ॥ ७० ॥

हे भव्य जीव ! सर्व दोषोनुं स्थानक एवो जे इंद्रियोनो समुदाय ते मोटाइनो नाश करे छे, न्यायनी भावना तोडी नांखे छे, अकार्योने विषे मति धारण करे छे, अविरतिने विषे स्नेह करे छे, वधता विवेकनो विनाश करे छे, अने विपत्तिने आपे छे, ते इंद्रियोना समुदायने तुं पोताने स्वाधीन कर. ॥ ७० ॥

धत्तां मौनमगारमुज्झतु विधिप्रागल्भ्यमभ्यस्यता-मस्त्वन्तर्गणमागमश्रममुपादत्तां तपस्तप्यताम् ।
श्रेयःपुंजनिकुंजभंजनमहावातं न चेदिंद्रिय-व्रातं जेतुमवैति भस्मनिहुतं जानित सर्वं ततः ॥ ७१ ॥

हे साधु ! मौनव्रत धारण करो, घरनो त्याग करो, धर्मक्रिया करवाना सामर्थ्यने केळवो, गच्छवास करो, सिद्धान्तना पाठनो अभ्यास करो, तीव्र तपश्चर्या करो पण ज्यां सुधी कल्याणना समूहरुप घाटावनने भांगवाने महावायु जेवो एवो जे इंद्रियोनो समूह तेने पराजय करवानुं जाण्युं नथी त्यां सुधी ते सर्व रख्याने विषे होमेला जेवुं जाणो. ॥ ७१ ॥

धर्मध्वंसधुरीणमभ्रमरसावारीणमापत्प्रथा-लंकर्मीणमशर्मनिर्मितिकलापारीणमेकांततः ।
सर्वान्नीनमनात्मनीनमनयात्यंतीनमिष्टे यथा, कामीनं कुमताध्वनीनमजयन्नक्षौघमक्षेमभाक् ॥७२॥

धर्मनो नाश करवामां अग्रेसर, सत्य ज्ञानने ढांकनार, आपत्तिने फेलाववामां समर्थ दुःख उपजाववामां हुंशियार, एकांत सर्व-अन्न भक्षक, आत्माने अहितकारी, अन्याय मार्गमां चालनार, इष्टमार्गे स्वेच्छाए वर्तनारो, अने खराब विचारने रस्ते जनारो एवो जे इंद्रियोनो समूह छे, तेने नहि जीतनारो प्राणी कल्याणने भजनारो थतो नथी, अर्थात् एवा मनुष्यनुं कल्याण थतुं नथी. ॥७२॥

निम्नं गच्छति निम्नगेव नितरां निद्रेव विष्कंभते, चैतन्यं मदिरेव पुष्यति मदं धूम्येव दत्तेंऽधताम् ।
चापल्यं चपलेव चुंबति दवज्वालेव तृष्णां नय-त्युल्लासं कुलटांगनेव कमला स्वैरं परिभ्राम्यति ॥ ७३ ॥

लक्ष्मी नदीनी पेठे नीच प्रत्ये जायछे; निद्रानी पेठे चैतन्यनो विनाश करेछे, मदिरानी पेठे गांडछानुं पोषण करेछे; धूमाडाना समूहनी पेठे अंधपणुं आपेछे; वीजळीनी पेठे अस्थिरपणाने भजेछे; दावाग्निनी पेठे लोभ वधारेछे; अने अवळी स्त्रीनी पेठे मरजी प्रमाणे फरेछे.

दायादाः स्पृहयंति तस्करगणा मुष्णंति भूमीभुजो, गृह्णंति च्छलमाकलय्य हुतभुग्भस्मीकरोति क्षणात् ।
अंभः प्लावयति क्षितौ विनिहितं यक्षा हरंते हठात् । दुर्वृत्तास्तनया नयंति निधनं धिग्बह्वधीनं धनम् ।७४।

जेनी दायादो (एक गोत्रमां जन्मेला) इच्छा करे छे, जेने चोर लोको चोरी जाय छे, राजाओ कपट करीने लई ले छे, अग्नि क्षण मात्रमां भस्म करे छे, जळ डूबावी दे छे. भूमिने विषे राख्याथी व्यंतरो बळात्कारे उपाडी जाय छे, अने जेनो दुराचारी पुत्रो विनाश करे छे एम बहु जणाने आधीन एवुं जे धन तेने धिक्कार थाओ. ॥ ७४ ॥

नीचस्याऽपि चिरं चटूनि रचयंत्यायांति नीचैर्नतिं, शत्रोरप्यगुणात्मनोऽपि विदधात्युच्चैर्गुणोत्कीर्तनम् ।
निर्वेदं न विदंति किंचिदकृतज्ञस्यापि सेवाक्रमे, कष्टं किं न मनस्विनोऽपि मनुजाःकुर्वंति वित्तार्थिनः ।७५।

उत्तम मनवाळा मनुष्यो पण द्रव्यना अर्थी थइने, नीच पुरुषोनी आगळ घणो टाइम मिष्ट वचन बोले छे, नीच पुरुषोने नमस्कार करे छे, निर्गुणी शत्रुनुं पण उंचे स्वरे गुणवर्णन करे छे; अने करेला गुणने नहि जाणनारा स्वामीनी सेवा करवामां पण

कांइ कंटाळो पामता नथी; आम तेओ शुं शुं कष्ट नथी करता ? ॥ ७५ ॥

लक्ष्मीः सर्पति नीचमर्णवपयःसंगादिवांभोजिनी-संसर्गादिव कंटकाकुलपदा न क्वाऽपि धत्ते पदम् ।
चैतन्यं विषसन्निधेरिव नृणामुज्झासयत्यंजसा, धर्मस्थाननियोजनेन गुणिभिर्ग्राह्यं तदस्याः फलम् ॥७६॥

लक्ष्मी समुद्रना पाणीनी सोबतथीज होयनी ! तेम नीच प्रत्ये जाय छे; पोयणीनी सोबतथी पगमां कांटो वाग्यो होयनी ! तेम कोइ स्थळे स्थिर पग मूकती नथी; अने विषयनी साथे एक स्थानमां रहेवाथीज जाणे होयनी ! तेम मनुष्योना चैतन्यनो एकदम नाश करे छे; माटे गुणिजनोए तेने धर्मना काममां वापरीने तेनुं फळ ग्रहण करवुं. ॥ ७६ ॥

चारित्रं चिनुते धिनोति विनयं ज्ञानं नयत्युन्नतिं, पुष्णाति प्रशमं तपः प्रबलयत्युल्लासयत्यागमम् ।
पुण्यं कंदलयत्यऽघं दलयति स्वर्गं ददाति क्रमात्, निर्वाणश्रियमातनोति निहितं पात्रे पवित्रं धनम् ।७७।

अरहिंतादि पात्रने विषे आपेलुं एवुं पवित्र द्रव्य–चारित्रनी वृद्धि करे छे, विनयने वधारे छे, ज्ञानने उत्पन्न करे छे; समतारसनुं पोषण करे छे, तपने प्रबळ करे छे, श्रुतज्ञानने वधारे छे, पुण्यने उत्पन्न करे छे, पापनो विनाश करे छे, स्वर्गने आपे छे, अने अनुक्रमे मोक्षरुपी लक्ष्मीने विस्तारे छे. ॥ ७७ ॥

दारिद्र्यं न तमीक्षते न भजते दौर्भाग्यमालंबते, नाऽकीर्तिर्न पराभवोऽभिलषते न व्याधिरास्कंदति ।
दैन्यं नाद्रियते दुनोति न दरः क्लिश्नंति नैवापदः, पात्रे यो वितरत्यनर्थदलनं दानं निदानं श्रियाम् ।७८।

संकटनो नाश करनारुं, अने संपत्तिना कारणभूत एवुं जे दान, तेने जे पुरुष सुपात्र साधु विगेरेने आपे छे, ते पुरुषनी सामुं दारिद्र्य जोतुं नथी, दौर्भाग्य तेने सेवतुं नथी, अपजश तेमां रहेतुं नथी, पराभव तेने चाहतो नथी, व्याधि तेने दुर्बळ करतो नथी, दीनता तेनो आदर करती नथी, भय तेने पीडतो नथी, अने आपत्तिओ तेने क्लेश पमाडती नथी. ॥ ७८ ॥

लक्ष्मीः कामयते मतिर्मृगयते कीर्तिस्तमालोकते, प्रीतिश्चुंबति सेवते सुभगता नीरोगताऽऽलिंगति ।
श्रेयः संहतिरभ्युपैति वृणुते स्वर्गोपभोगस्थिति-मुक्तिर्वांछति यः प्रयच्छति पुमान् पुण्यार्थमर्थं निजम् ।७९।

जे पुरुष पोतानुं द्रव्य पुण्यनुं फल पामवा आपे छे, ते पुरुषनी लक्ष्मी इच्छा करे छे, तेने बुद्धि शोधे छे; कीर्ति जुए छे, प्रीति चुंबन करे छे, तेनी सौभाग्य सेवा करे छे, आरोग्यता आलिंगन करे छे, कल्याणनी परंपरा तेनी सामे आवे छे, स्वर्गना उपभोगनी पद्धति तेने वरे छे, अने मोक्षरुपी स्त्री तेनी वांछा करे छे. ॥ ७९ ॥

तस्यासन्ना रतिरनुचरी कीर्तिरुत्कंठिता श्रीः, स्निग्धा बुद्धिः परिचयपरा चक्रवर्त्तित्वऋद्धिः ।
पाणौ प्राप्ता त्रिदिवकमला कामुकी मुक्तिसंप-त्सप्तक्षेत्र्यां वपति विपुलं वित्तबीजं निजं यः ॥८०॥

जे पुरुष पोताना घणा द्रव्यरुपी बीजने सात क्षेत्रने विषे वावे छे, ते पुरुषनी उपर लोको प्रेम राखे छे, कीर्ति तेनी दासी थाय छे. लक्ष्मी तेने चाहे छे, बुद्धि तेनी उपर स्नेह राखे छे, चक्रवर्तिपणानी ऋद्धि तेना परिचयवाळी थाय छे. स्वर्गनी लक्ष्मी तेने हाथमां प्राप्त थाय छे, अने तेने मुक्तिनी संपत्ति अभिलाषावाळी थाय छे. ॥ ८० ॥

यत्पूर्वार्जितकर्मशैलकुलिशं यत्कामदावानल–ज्वालाजालजलं यदुग्रप्रकरणग्रामाहिमंत्राक्षरम् ।
यत्प्रत्यूहतमःसमूहदिवसं यल्लब्धिलक्ष्मीलता–मूलं तद्विविधं यथाविधि तपः कुर्वीत वीतस्पृहः ॥८१॥

जे तप पाछला भवोमां बांधेलां कर्मरुपी पर्वतने वज्र जेवुंछे, कामरुपी दावानळनी ज्वालाना समूहने पाणी जेवुंछे, तोफानी एवो जे इंद्रियोनो समूह तेरुप सर्पने मंत्राक्षर जेवुं छे, विघ्नरुप अंधकारना समूहने नाश करवाने दिवस जेवुं छे, अने लब्धि तथा लक्ष्मीरुपी वेलडीने मूळीया जेवुं छे, एवा बे प्रकारना तपने हे भव्य जीवो! तमे कांइपण नियाणानी इच्छा कर्या विना विधि प्रमाणे आदरो.

यस्माद्विघ्नपरंपरा विघटते दास्यं सुराः कुर्वते, कामः शाम्यति दाम्यतींद्रियगणः कल्याणमुत्सर्प्पति ।
उन्मीलंति महर्द्धयः कलयति ध्वंसं चयः कर्मणां, स्वाधीनं त्रिदिवं शिवं च भवति श्लाघ्यं तपस्तन्न किम् ॥८२॥

जे तप करवाथी कष्टोनी परंपरा नाश पामे छे, देवताओ दासपणुं करे छे, कामविकार शांत थाय छे. इंद्रियोनो समूह वश कराय छे, कल्याण वधे छे, महाऋद्धिओ प्रकटे छे, ज्ञानावरणीयादि कर्मोनो समूह नाश पामे छे. तथा स्वर्ग अने मोक्ष स्वाधीन थाय छे, एवुं जे तप, ते शुं प्रशंसा करवा लायक नथी! अर्थात्–छेज. ॥ ८२ ॥

कान्तारं न यथेतरो ज्वलयितुं दक्षो दवाग्निं विना, दावाग्निं न यथापरः शमयितुं शक्तो विनाभोधरम् ।
निष्णातः पवनं विना निरसितुं नान्या यथांभोधरं, कर्मौघं तपसा विना किमपरं हन्तुं समर्थस्तथा ॥८३॥

जेवी रीते वनने बाळवाने दावाग्नि विना बीजो कोई समर्थ नथी, जेम दावाग्निने शमाववाने मेघ विना अन्य कोई शक्तिमान

नथी. अने जेम मेघने विखेरी नाखवाने वायु विना अन्य कोई निपुण नथी, तेवी रीते कर्मोना समूहने दूर करवाने शुं तप विना अन्य कोइ समर्थ होय ? अर्थात् तपथीज कर्मो हणी शकाय छे. ॥ ८३ ॥

**संतोषस्थूलमूलः प्रशमपरिकरः स्कंधबंधप्रपंचः, पंचाक्षीरोधशाखः स्फुरदभयदलः शीलसंपत्प्रवालः ।**
**श्रद्धांभःपूरसेकाद्विपुलकुलबलैश्वर्यसौंदर्यभागः, स्वर्गादिप्राप्तिपुष्पःशिवसुखफलदःस्यात्तपःपादपोऽयम् ॥८४॥**

जे तपरुपी झाडने संतोषरुपी म्होटुं मूळियुं छे, शमतारुपी परिवारछे, श्रुतस्कंधनी रचनारुपी मोटुं थडछे, पांचे इंद्रियोने वश करवा रुपी डाळीओछे, देदीप्यमान अभयदानरुप पादडांछे, शीलसंपत्तिरुप पल्लवछे, श्रद्धारुपि पाणीनी अखंड धारा छांटवाथी उत्तम कुल बल अने ऐश्वर्य रुप शोभानो विस्तार छे, अने स्वर्गादिना लाभरुप पुष्पछे, तेवुं जे तपरुपी झाड ते मुक्तिना सुखरुप फलने आपेछे.

**नीरागे तरुणीकटाक्षितमिव त्यागव्यपेतप्रभौ, सेवाकष्टमिवोपरोपणमिवांभोजन्मनामश्मनि ।**
**विश्वग्वर्षमिवाषरक्षितितले दानार्हदर्चातपः, स्वाध्यायाध्ययनादि निष्फलमनुष्ठानं विना भावनाम् ॥८५॥**

जेवी रीते राग विनाना पुरुषनी उपर जुवान स्त्रीना कटाक्ष निष्फळ नीवडे छे. अने जेम दान नहि देनार शेठनी सेवानुं कष्ट निष्फळ छे, तथा जेम पत्थरनी उपर कमळ वाववां निष्फळ छे, अने जेम खारवाळी भूमिने विषे वर्षाद निष्फळ छे, तेवी रीते दान, जिनपूजा, तप अने शास्त्रोनुं भणवुं विगेरे क्रिया पण भावना विना निष्फळ छे. ॥ ८५ ॥

**सर्वं ज्ञीप्सति पुण्यमीप्सति दयां धित्सत्यघं मित्सति, क्रोधं दित्सति दानशीलतपसां साफल्यमादित्सति ।**

कल्याणोपचयं चिकीर्षति भवांभोधेस्तटं लिप्सते, मुक्तिस्त्रीं परिरिप्सिते यदि जनस्तद्भावयेद्भावनाम् ॥८६॥

जो मनुष्य सर्व जाणवाने इच्छतो होय, तथ धर्मने इच्छतो होय, वली दया धारणा करवाने इच्छतो होय, अने पापने दूर करवने इच्छतो होयः तथा क्रोधनो नाश करवाने इच्छतो होय, वली दान-शील तपना साफल्य ने ग्रहण करवाने इच्छतो होय, सद्‌भग्यने वधारवा इच्छतो होय, संसारसमुद्रनो सामो कांठो पामवाने इच्छतो होय, अने जो मुक्तिरुपी स्त्रीनुं आलिंगन करवाने इच्छतो होय. तो तेणे शुभ भावना भाववी. ॥ ८६ ॥

विवेकवचनसारणीं प्रशमशर्मसंजीवनीं, भवार्णवमहातरीं मदनदावमेघावलीम् ।
चलाक्षमृगवागुरां गुरुकषायशैलाशनिं, विमुक्तिपथवेसरीं भजत भावनां किं परैः ॥ ८७ ॥

विवेकरुपी झाडना वनने नदी जेवी, शमताथी थता सुखने संजीवनी दवा जेवी, संसार समुद्रनो पार पामवा मोटी होडी जेवी, कामरुपी अग्निने वरसाद जेवी, चपल इंद्रियोरुपी हरिणने पाश जेवी, महाकषायरुपी पर्वतने वज्र नामना हथियार जेवी, अने मोक्षमार्गने विषे खच्चरी घोडीना जेवी, एवी जे भावना तेनुं सेवन करो; बीजी भाव विनानी क्रिया करवाथी शो लाभ छे? ॥ ८७ ॥

धनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं, क्रियाकांडं चंडं रचितमवनौ सुप्तमसकृत् ।
तपस्तीव्रं तप्तं चरणमपि चीर्णं चिरतरं, नचेच्चित्ते भावस्तुषवपनवत्सर्वमफलम् ॥ ८८ ॥

बहु दान आप्यां, तमाम जिनवचननो अभ्यास कर्यो, वारंवार जमीन उपर शयन कर्युं, तीव्र तपश्चर्या करी, चिरकाल पर्यंत चारित्र

पण पाळ्युं, परंतु जो चित्तने विषे शुभ भाव नथी, तो ए बधुं फोतरां खांडवानी पेठे निष्फळ छे. अथवा फोतरां वाववां जेवुं छे.

यदशुभरजःपाथो दृप्तेंद्रियद्विरदांकुशं, कुशलकुसुमोद्यानं माद्यन्मनःकपिशृंखला ।
विरतिरमणीलीलावेश्म स्मरज्वरभेषजं, शिवपथरथस्तद्वैराग्यं विमृश्य भवाऽभयः ॥ ८९ ॥

पापरुपी धूलने पाणी जेवा, उन्मत्त इंद्रियोरुपी हाथीने अंकुश जेवा, पुण्यरुपी फूलोने बगीचा जेवा स्वच्छंदी चित्तरुपी वांदराने बांधवानी सांकळ जेवा, विरतिरुपी स्त्रीने रमवाना घर जेवा, कामवासना रुपी तावने दवानी जेवा, अने मोक्षमार्गने विषे रथ जेवा वैराग्यने विचारीने संसारना भयरहित थजो. ॥ ८९ ॥

चंडानिलस्फुरितमब्दचयं दवार्चि–र्वृक्षव्रजं तिमिरमंडलमर्कबिंबम् ।
वज्रं महीध्रनिवहं नयते यथातं, वैराग्यमेकमपि कर्म तथा समग्रम् ॥ ९० ॥

जेवी रीते प्रचंड वायुनुं वावुं मेघना समूहनो नाश करे छे; दावाग्नि जेम वृक्षोना समूहनो नाश करे छे; सूर्यबिंब जेम अंधकारना समूहने दूर करे छे, अने वज्र जेम पर्वतोना समूहनो चूरो करी नांखे छे; तेवी राते एक पण वैराग्य बधा कर्मनो नाश करे छे.

नमस्या देवानां चरणवरिवस्या शुभगुरो--स्तपस्या निःसीमश्रमपदमुपास्या गुणवताम् ।
निषद्यारण्ये स्यात् करणदमविद्या च शिवदा, विरागःक्रुरागःक्षपणनिपुणोऽतः स्फुरति चेत् ॥ ९१ ॥

क्रूर एवा पापने दूर करवामां हुंशियर एवो जे वैराग्य, ते जो हृदयने विषे प्रकट्यो होय तोज, देवने करेलो नमस्कार, उत्तम

गुरुना चरणनीसेवा, अत्यंत मुश्केली वेठीने करेली तपश्चर्या, गुणवंत जनोनी सेवा, अटवीने विषे वास, अने इंद्रियोने दमवाथी मेळवेलुं ज्ञान एटलां वानां मोक्षने-पमाडनार थाय छे. ॥ ९१ ॥

भोगान्कृष्णभुजंगभोगविषमान् राज्यं रजःसन्निभं, बंधून्बंधनिबंधनानि विषयग्रामं विषान्नोपमम् ।
भूतिं भूतिसहोदरां तृणमिव स्त्रैणं विदित्वा त्यजन्, तेष्वासक्तिमनाविलोविलभतेमुक्तिंविरक्तःपुमान् ॥९२॥

शब्दादि भोगोने काळासापना शरीरनी जेवा भयंकर जाणीने, राज्यने धूलजेवुं गणीने, बंधुओने कर्मबांधवाना कारणरुप समजीने, विषयना समूहने झेरवाळा अनाजनी जेवो गणीने. ऋद्धिने राख जेवी जाणीने, अने स्त्रीओना समुदायने घासनी जेवो गणीने, ते सर्वने विषे आसक्ति तजी देनार, निर्मळ अंतःकरणवळो विरक्त पुरुष मोक्षने मेळवी शके छे. ॥ ९२ ॥

जिनेंद्रपूजा गुरुपर्युपास्तिः,सत्त्वानुकंपाशुभपात्रदानम्। गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्य फलान्यमुनि॥

जिनेश्वरनी पूजा, गुरुनी सेवा, जीवोनी उपर दया, सुपात्र दान, गुणोनी उपर प्रीति, अने शास्त्रनुं सांभळवुं, ए छ वानां मनुष्य जन्मरुप झाडनां फळ जेवां छे. ॥ ९३ ॥

त्रिसंध्यं देवार्चां विरचय चयं प्रापय यशः, श्रियः पात्रे वापं जनय नयमार्गं नय मनः ।
स्मरक्रोधाद्यारीन् दलय कलय प्राणिषु दयां, जिनोक्तं सिद्धांतं श्रृणु वृणु जवान्मुक्तिकमलाम् ।९४।

त्रणे संध्यासमये जिनपूजा कर, कीर्त्तिने वधार, लक्ष्मीने सुपात्रने विषे वाव मनने न्याय मार्गे दोर, क्रोध काम आदि शत्रुओनो नाश

कर, प्राणी मात्रने विषे दया कर, वळी जिनेश्वरे कहेल सिद्धांतोने सांभळ, उपर कहेल ए सर्व वानां करीने शीघ्र मोक्षरुपी स्त्रीने वर.

कृत्वाऽर्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वाऽऽगमं, हित्वा संगमधर्मकर्मठधियां पात्रेषु दत्त्वा धनम् ।
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्वांतरारिव्रजं, स्मृत्वा पंचनमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टं सुखम् ॥ ९५ ॥

हे जीव ! अरिहंत भगवानना चरणनी पूजा करीने, मुनिजनोने नमस्कार करीने, शास्त्रज्ञान संपादन करीने, पापने विषे आसक्त बुद्धिवाळा मनुष्योनो संग तजीने, सुपात्रे दान दइने, उत्तममार्गे चालनार जनोनी रीतिए चालीने छ अभ्यंतर शत्रुओने जीतिने, अने पंचपरमेष्ठी नमस्कारने याद करीने, वांछित सुखने तुं पाम. ॥ ९५ ॥

प्रसरति यथा कीर्तिर्दिक्षु क्षपाकरसोदराऽभ्युदयजननी याति स्फातिं यथा गुणसंततिः ।
कलयति यथा वृद्धिं धर्मः कुकर्महतिक्षमः, कुशलसुलभे न्याय्ये कार्यं तथा पथि वर्तनम् ॥ ९६ ॥

जेवी रीते चंद्र जेवी उज्वल कीर्ति दिशाओने विषे फेलाय, आबादी करनारो गुणसमूह विस्तार पामे, अने कुकर्मने हणवाने समर्थ एवो धर्म वृद्धि पामे, तेवी रीते डाह्या पुरुषोने सुलभ एवा न्याय मार्गने विषे वर्तन करवुं. ॥ ९६ ॥

करे श्लाघ्यस्त्यागः शिरसि गुरुपादप्रणमनं, मुखे सत्या वाणी श्रुतमधिगतं च श्रवणयोः ।
हृदि स्वच्छा वृत्तिर्विजयि भुजयोः पौरुषमहो, विनाप्यैश्वर्येण प्रकृतिमहतां मंडनमिदम् ॥ ९७ ॥

हाथनुं घरेणुं प्रशस्य एवुं दान छे; मस्तकनुं घरेणुं गुरुना चरणने नमस्कार करवो ए छे, मुखनुं घरेणुं सत्यवाणी छे, शास्त्रोनुं

सांभळवुं ते काननुं घरेणुं छे, हृदयनुं घरेणुं निर्मळ भावे छे, अने भुजा नुं घरेणुं विजयदेनार पराक्रम छे. आ सर्व लक्ष्मी विनाना छतां पण स्वभावे करीने उत्तम एवा जनोनां घरेणां छे. ॥ ९७ ॥

भवारण्यं मुक्त्वा यदि जिगमिषुर्मुक्तिनगरीं, तदानीं मा कार्षीर्विषयविषवृक्षेषु वसतिम् ।
यतश्छायाप्येषां प्रथयति महामोहमचिरा--दयं जंतुर्यस्मात्पदमपि न गंतुं प्रभवति ॥ ९८ ॥

हे जीव! जो संसाररूपी अटवीने तजीने मुक्तिरुपी नगरीमां जवानी इच्छा होय, तो विषयरुपी विषवृक्षोनेविषे वास कर नहिः कारणके ए झाडोनी छाया पण एवा महा मोहांधकारने जल्दी फेलावे छे के, तेमांथी प्राणी एक पगलुं मात्र पण चालवाने समर्थ थतो नथी.

सोमप्रभाचार्यमभाचयन्न, पुंसां तमःपंकमपाकरोति। तदप्यमुष्मिन्नुपदेशलेशे, निशम्यमानेऽनिशमेतिनाशम्९९

माणसोना जे अंधकाररुपी कचराने चंद्रनी कांति के सूर्यनी कांति नाश करी शकती नथीः ते पण अंधकाररुपी कचरो आ अल्प उपदेश हमेशां सांभळवाथी नाश पामे छे. ॥ ९९ ॥

अभजदजितदेवाचार्यपट्टोदयाद्रि--द्युमणिविजयसिंहाचार्यपादारविंदे ।
मधुकरसमतां यस्तेन सोमप्रभेण, व्यरचि मुनिपराज्ञा सूक्तमुक्तावलीयम् ॥ १०० ॥

अजीतदेव नामना आचार्यना पट्टरुप उदयाचलने विषे सूर्य जेवा एवा जे विजयसिंह आचार्य, तेमना चरणकमळने विषे भमरानी जेवा मुनिवरोना नायक श्री सोमप्रभ सूरीश्वरे आ सुभाषित काव्यरुपी मुक्ताफळ नी पंक्ति रची छे. ॥ १०० ॥

॥ इति श्री सिंदूर प्रकरणं मूलार्थ सहितं समाप्तम् ॥